સરીગામમાં આંકડાનો જુગાર રમતા બે પકડાયા

ઉમરગામ : ભીલાડ નજીક સરીગામમાં આંક ફરકના વરલી મટકાનો જુગાર રમી રમાડતા બે ઇસમોને ઝડપી પાડી એકને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ભીલાડ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે મંગળવારે બપોરના સમયે સરીગામ કહારવાડમાં રેડ પાડી આંક ફરકના વરલી મટકાનો જુગાર રમતા રમાડતા દિલીપ ચંપક કહાર (રહે ભીલાડ સરીગામ કહારવાડ) અને લક્ષી કોમીયા (રહે સરીગામ બોનપાડા)ને ઝડપી પાડ્યા હતા અને આંકડા લખેલી કાપલી બોલપેન મોબાઈલ ફોન તથા અંગ ઝડતીમાં મળી આવેલા રોકડા રૂપિયા 15950 કબજે લીધા હતા અને વિશાલ ઉર્ફે પિન્ટુ પટેલ (રહે સંજાણ બુનાટપાડા)ને વોન્ટેડ જાહેર કરી ભીલાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજાની જમીન પર થઇ રહેલા ગેરકાયદે બાંધકામ મુદ્દે અનેક ફરિયાદ કરવા છતાં પગલાં ભર્યા ન હતા

વલસાડમાં ગેરકાયદે બાંધકામ મુદ્દે કલેક્ટરને હાઈકોર્ટનું તેડું

બિલ્ડર, ચીફ ઓફિસર તેમજ સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટને પણ કોર્ટમાં હાજર રહેવા નોટિસ

અધિકારીઓએ પણ હાઇકોર્ટમાં પોતાના પ્રતિનિધિ કે વકીલ થકી જવાબ રજૂ કરવો પડશે

ઉચ્ચ અધિકારીને હાઇકોર્ટનું તેડું આવતાં સરકારી આલમમાં ભારે ચર્ચા

ગેરકાયદે બાંધકામના અનેક કેસો થતાં હોય છે, પરંતુ આવા ખાનગી કેસમાં ઉચ્ચ અધિકારીને હાઇકોર્ટનું તેડું આવતાં સરકારી આલમમાં ભારે ચર્ચા ચાલી રહી છે. બીજાની માલિકીની જમીનમાં આટલું બાંધકામ પણ કંઇ રીતે શક્ય બને એવી પણ એક ચર્ચા ચાલી રહી છે. જોકે, આખો કેસ હાઇકોર્ટમાં પહોંચ્યો છે. ત્યારે ત્યાં જ દસ્તાવેજોના આધારે ખરાખોટી થઇ જશે.

વલસાડ : વલસાડના નાના તાઈવાડમાં બીજાની જમીન પર થઇ રહેલા ગેરકાયદે બાંધકામ મુદ્દે અનેક ફરિયાદ કરવા છતાં વહીવટી તંત્રે યોગ્ય પગલાં ભર્યા ન હતા. જેના કારણે અરજદારે આ અંગે હાઇકોર્ટમાં પીટીશન કરી હતી. જેમાં તેમના દ્વારા બિલ્ડર સિવાય કલેક્ટર, સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ અને ચીફ ઓફિસરને પણ પક્ષકાર બનાવતા તેમને પણ હાઇકોર્ટનું તેડું આવ્યું છે. આ અધિકારીઓએ પણ હાઇકોર્ટમાં પોતાના પ્રતિનિધિ કે વકીલ થકી પોતાનો જવાબ રજૂ કરવો પડશે. વલસાડના નાના તાઈવાડમાં રહેતા કનિઝાબેન ટીનવાલાએ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની જગ્યામાં નાના તાઈવાડમાં હાસમની ચાલમાં રહેતા સલીમ ગુલામ શેખે બાંધકામ શરૂ કર્યું હતુ. આ અંગે તેમણે ચીફ ઓફિસરને ફરિયાદ કરી હતી. તેમ છતાં કોઇ નિવેડો ન આવતા સ્વાગત કાર્યક્રમમાં પણ ફરિયાદ કરી હતી. આ કેસમાં માપણી ન આવે ત્યાં સુધી તત્કાલિન ચીફ ઓફિસરે આ બાંધકામ બંધ કરાવ્યું હતુ. જોકે, નવા ચીફ ઓફિસર આવતા બિલ્ડરે ફરીથી બાંધકામ શરૂ કરી દીધું હતુ. જેને લઇ કનિઝાબેન ટીનવાલાએ ફરીથી ફરિયાદનો દોર શરૂ કર્યો હતો, પરંતુ તેમને ન્યાય ન મળતાં આખરે તેમણે આ સંદર્ભે હાઇકોર્ટમાં ધા કરી હતી. હાઇકોર્ટે તેમનો કેસ એડમિટ કર્યો અને આ કેસમાં તેમણે કલેક્ટર, સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ, ચીફ ઓફિસર અને બિલ્ડરને સામાવાળા બનાવતા હાઇકોર્ટે તમામ વિરૂદ્ધ નોટિસ કાઢી હતી. જેમાં સરકારી અધિકારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું હતુ.

ફ્યૂઝન નવરાત્રિ અનેકને 'લાખોના ગરબા' રમાડી ગઈ

નવસારીમાં નવરાત્રિના છેલ્લા દિવસે નોમના ગરબા બંધ કરવાની જાહેરાત કરીને ખેલૈયાઓની નવરાત્રિ બગાડી હતી

ટેક્નિકલ ખામી સર્જાઇ હોવાનું જાણતા હોવા છતાં ઓનલાઇન બુકિંગ કરતા જ રહ્યા

કલાકારોને રહેવાની સગવડ કરાવનારાના 9 લાખ, માટી પુરાણ કરનારાના 30 લાખ અપાયા નથી

નવસારી રૂરલ પોલીસ મથક ખાતે ફ્યૂઝન નવરાત્રિ માટે કામ કરનારાઓએ લાઈટીંગ અને સાઉન્ડ ઉપરાંત કલાકારોને રહેવાની સગવડ અને નાસ્તો કરાવવાનું કામ લેનારાને 9 લાખ નાણાં અપાયા નથી, એ જ રીતે માટી પુરાણ કરનારાઓને પણ 30 લાખ રૂપિયા બાકી અપાયા નથી. જ્યારે 4 લાખ રૂપિયા બીજા એક કામ કરનારાઓ આપ્યા વિના જ આયોજકો ભાગી છુટ્યા છે. જે ચર્ચા ચાલી રહી છે, એ મુજબ ફ્યૂઝન નવરાત્રિના આયોજકો ગરબા મહોત્સવ માટે કામ કરનારાઓના એક કરોડથી વધુ રૂપિયા ચાઉં કરીને ભાગી છુટ્યા છે. હવે નવસારી રૂરલ પોલીસ મથકે રજુઆત કરી છે, ત્યારે હવે શું થાય છે, એ જોવું રહ્યું.

નવસારી : નવરાત્રિના છેલ્લા દિવસે નોમના ગરબા ટેક્નિકલ ખામીને કારણે બંધ કરવાની જાહેરાત કરીને ખેલૈયાઓની નવરાત્રિ બગાડનારા ફ્યૂઝન નવરાત્રિના આયોજકોએ એ ફ્યૂઝન માટે કામ કરનારા અનેક લોકો કામના પૈસા ચુકવવાને બદલે એકાદ કરોડનું ફૂલેકું ફેરવી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ફ્યૂઝન નવરાત્રિએ નવસારામાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું. નવરાત્રિમાં નવે નવ દિવસ સારી રીતે ગરબા ગાવાના મળશે એ આશાએ અનેક લોકોએ સિઝન પાસ પણ ખરીદ્યા હતા. તો છેલ્લા દિવસે આયોજકોએ સવારથી જ ટેક્નિકલ ખામી સર્જાઇ હોવાનું જાણતા હોવા છતાં ઓનલાઇન બુકિંગ કરતા જ રહ્યા અને સરવાળે છેલ્લા નવમા દિવસે ગરબા બંધ કરી દીધા હતા. ગરબાના સ્થળે એક પણ આયોજક નહીં દેખાતા ખેલૈયાઓને કોઇ જવાબ પણ આપનારૂં ન હતું.

પાસ ખરીદનારાઓને એક દિવસના પૈસા પાછા અપાશે કે નહીં એ હજુ વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે હવે ફ્યૂઝન નવરાત્રિના આયોજકોએ અનેક લોકો પાસે ગરબા મહોત્સવ માટે કામ કરાવીને તેમના કરોડો રૂપિયા ચાઉં કરી લીધા હોવાનું જાણવા મળે છે.

જો જો છેતરાતા નહીં, સાળંગપુરમાં ધર્મશાળાનું ઓનલાઇન બુકિંગ નથી

નવસારી સાયબર ક્રાઇમને એક ગુનાની તપાસ દરમિયાન હકીકત જાણવા મળી તો લોકોને અપીલ કરી

નવસારીઃ નવસારી સાયબર ક્રાઇમની તપાસમાં સાળંગપુરમાં ધરમશાળાનું ઓનલાઇન બુકિંગ કરાવવાના નામે ઠગાઇ થતી હોવાનું બહાર આવ્યું છે.

સાળંગપુરમાં હનુમાનજીનું પ્રસિદ્ધ મંદિર છે. કષ્ટભંજક દેવ તરીકે લોકો હનુમાનજીના દર્શન કરવા સાળંગપુર જતા હોય છે. સ્વાભાવિક છે કે દિવાળીનું વેકેશન હોય કે જાહેર રજા હોય, ત્યારે સાળંગપુરમાં દર્શન કરવા જનારા ભક્તોની સંખ્યા વધુ હોય છે. આ કારણે ભીડ રહેતી હોય ત્યારે સાળંગપુરમાં રહેવાની સગવડ મળી રહે એ માટે અનેક લોકો સાળંગપુર જતાં પહેલા રહેવા માટે ધરમશાળાનું ઓનલાઇન બુકિંગ કરાવી દેવાનું ઇચ્છતા હોય છે. લોકોની એ માનસિકતા સાયબર ક્રાઇમ કરનારાઓ પણ પારખી ગયા છે. કેટલાક ગઠીયાઓ ઓનલાઇન બુકિંગના નામે ભક્તોને છેતરતા હોવાનું નવસારી સાયબર ક્રાઇમની તપાસમાં બહાર આવ્યું છે.

સાળંગપુર જતાં પહેલાં વેબસાઇટ પર ધરમશાળાનું ઓનલાઇન બુકિંગ કર્યા પછી, ત્યાં પહોંચો ત્યારે સમજાય કે પૈસા ભરી દીધા હોવા છતાં તમારા નામે કોઇ રૂમ બૂક થયો જ નથી.

નવસારી સાયબર ક્રાઇમને એક ગુનાની તપાસ કરતાં જાણવા મળ્યું કે સાળંગપુર મંદિરમાં ઓનલાઇન ધરમશાળાનું બુકિંગ થતું જ નથી. ગઠીયાઓ ભક્તો પાસે ઓનલાઇન બુકિંગના નામે પૈસા પડાવતા હોવાનું તપાસમાં બહાર આવતાં નવસારી સાયબર ક્રાઇમે સાળંગપુર જતા ભક્તોને સચેત રહેવા અપીલ કરી છે.

વાંસદામાં મહિલા ગ્રાહકનો શોરૂમ પર હોબાળો

પુરું પેમેન્ટ આપી ખરીદેલા મોપેડની આરસી બુક, બિલ, નંબર પ્લેટ નહીં મળતા વિવાદ

આર.સી. બુક માટે છ મહિનાથી ધક્કા ખવડાવ્યા: હેતલબેન, ખડકિયા

આ બાબતે શોરૂમના સંચાલકોને વારંવાર પૂછતા તેમના દ્વારા તમે છ મહિના સુધી શું કરતા હતા, તમારી ફરજ થાય ગાડીના બિલ મેળવી લેવાની, એવો તોછડો જવાબ મળ્યો હતો. મારા મોબાઇલ ફોન ઉપર આરટીઓ ઓફિસમાંથી ત્રણ દિવસ પહેલાં જ ફોન આવ્યો હતો અને મારી એકટીવા બાઇકનું રજિસ્ટ્રેશન હમણાં થયું હોવાનું જાણવા મળ્યું હતુ. અને આરટીઓ ઓફિસમાંથી તમારી ગાડીનું રજિસ્ટ્રેશન હમણાં થયું છે, તો છ મહિના પહેલાં તમારી પાસે બાઇક કેવી રીતે આવી એમ જણાવ્યું હતું.

અમારી ભૂલ થઈ છે: અમિતભાઈ, શોરૂમ સંચાલક

હોન્ડા શોરૂમના સંચાલક અમિતભાઇને ફોન કરી આ વિવાદ બાબતે વધુ માહિતી જાણવાનો પ્રયત્ન કરતાં તેમણે અમારી ભૂલ થઇ ગઇ છે, હું માફી માગું છું અને બાઇકનું રજિસ્ટ્રેશન થઇ ગયું છે. હવે નંબર પ્લેટ પણ આવી જશે એમ જણાવ્યું હતું.

વાંસદાઃ વાંસદાના હોન્ડા શોરૂમ પરથી પૂરું પેમેન્ટ ચૂકવી એક્ટિવા મોપેડ ખરીદ્યા બાદ છ મહિના સુધી આર.સી. બુક અને નંબર પ્લેટ નહીં મળતા ગ્રાહકે શોરૂમ પર હોબાળો મચાવ્યો હતો. વિવાદ બાદ છ મહિના પછી બાઈકનું રજિસ્ટ્રેશન નોંધાયું હતું.

વાંસદા તાલુકાના હનુમાનબારી ગામે આવેલ હોન્ડા શોરૂમમાં સંચાલકો દ્વારા ગ્રાહક સાથે છેતરપિંડી થઈ રહી હોવાના આક્ષેપો સાથે ગ્રાહકે શોરૂમ સંચાલક વિરુદ્ધ રોષ ઠાલવ્યો હતો.

વાંસદાના તાલુકાના ખડકિયા ગામે રહેતા હેતલબેન તુષારભાઈ કડવા જેમણે વાંસદાના હનુમાન ખાતે આવેલ હોન્ડા શોરૂમ પરથી માર્ચ મહિનામાં એક્ટિવા બાઈકની ડિલિવરી મેળવી હતી. પરંતુ હેતલબેનને શોરૂમના સંચાલકો દ્વારા પાકું બિલ અને સર્વિસ બુક આપવામાં આવી ન હતી. ત્રણ મહિના બાદ પણ તે ન મળતાં સંચાલકો દ્વારા તેમની સાથે ઉદ્ધતાયભર્યું વર્તન કરી હજી વાર લાગશે એમ જણાવતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદ પોલીસ ફરિયાદ કરવાનું જણાવતા બિલ મોકલ્યું હતું. જો કે હેતલબેન દ્વારા બિલ પણ ઓરિજનલ નથી એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે હેતલબેન એ બાઈક માર્ચ ૨૦૨૫માં ખરીદી અને છ મહિના બાદ તેનું બિલ કેમ બનાવવામાં આવ્યું ? જો આ દરમિયાન બાઈક ચોરાઈ જાય કે કોઈ અકસ્માત જેવી ઘટના બને તો જવાબદાર કોણ જેવા સવાલો ગ્રાહકના પરિવારોજનો દ્વારા ઊભા થયા હતા. આ બાબતે અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ થવી જોઈએ એવી પરિવારજનોની માંગ ઊભી થઈ છે.

સેલવાસમાં મીઠાઈની દુકાનોમાં ફૂડ વિભાગની તપાસ

તહેવારો નિમિત્તે આરોગ્ય વિભાગની તપાસનો ધમધમાટ

વાપીઃ સામી દિવાળીએ લોકોના આરોગ્યને નુકસાન ન થાય તે માટે સિલવાસામાં મીઠાઈની દુકાનોમાં આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી હતી. આરોગ્ય સચિવ અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ દાદરા અને નગર હવેલીના ફૂડ ઇન્સ્પેક્ટર કેતન પરમાર અને તેમની ટીમે સેલવાસ શહેરની તમામ મીઠાઈની દુકાનોનું નિરીક્ષણ કર્યું હતું. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને, ટીમે દુકાનોની સફાઈ વ્યવસ્થા, મીઠાઈ બનાવવામાં વપરાતી સામગ્રીની ગુણવત્તા અને માવાની ક્વૉલિટીની બારીકાઈથી તપાસ કરી હતી. તપાસ દરમિયાન ટીમને જાણવા મળ્યું કે ઘણી દુકાનોમાં પ્રિન્ટ વગરના પેકેટ્સ, જેમ કે વેફર્સ અને અન્ય ફૂડ પ્રોડક્ટ્સ વેચાઈ રહ્યા હતા, જેને તાત્કાલિક ધોરણે રોકવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ દરમિયાન, કેટલાક વેપારીઓ એવા પણ મળ્યા જેમના ફૂડ લાઇસન્સ પહેલેથી જ એક્સપાયર થઈ ગયા હતા. અધિકારીઓએ તેમને સખ્ત સૂચના આપી કે તેઓ વહેલી તકે પોતાનું લાઇસન્સ રિન્યૂ કરાવી લે, નહીં તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સંક્ષિપ્ત સમાચાર

બીલીમોરા સોમનાથ ટ્રસ્ટની ચીખલીના વાવાઝોડા પીડિતોને 300 પતરાની સહાય

કેરસી બારીયા

બીલીમોરા : ચીખલી વિસ્તારમાં આવેલા વિનાશક વાવાઝોડાના કારણે હજારો ઘરોના પતરાં ઉડી ગયા હતા, અનેક ઘરોમાં સોલાર પેનલોને પણ મોટું નુકસાન પહોંચ્યું હતું. લોકોની ઘરવખરી અને માલ-સામાન ધોવાઈ જવાથી રહેવાસીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. આ કપરી પરિસ્થિતિમાં અસરગ્રસ્તોની વ્હારે સોમનાથ મંદિર ટ્રસ્ટ સામે આવી સેવાનો દીપ પ્રગટાવ્યો છે. ટ્રસ્ટ દ્વારા તાત્કાલિક ધોરણે સહાય વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. ચીખલીના સાદકપોર, ગોલવાડ ગામમાં પીડિત પરિવારોને ઝડપથી આશરો પુન:સ્થાપિત કરી શકાય તે માટે ટ્રસ્ટ તરફથી 300 પતરાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે છત વિહોણા બનેલા પરિવારો માટે મોટી રાહતરૂપ બન્યું હતું. આ સેવાકાર્યમાં એસ.એમ દેસાઇ, સોમનાથ ટ્રસ્ટના પ્રમુખ પંકજ મોદીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટીઓ દેવચંદભાઈ, વિનોદભાઈ દેસાઈ, જગદીશભાઈ રાવલ, નીતિન ગાંધી, વિજયભાઈ પટેલ, સહિત સ્થાનિક રાજકીય અગ્રણીઓ ધારાસભ્ય નરેશભાઈ, બીલીમોરા શહેર ભાજપ પ્રમુખ નીરવ ટેલર, અને પાલિકા પ્રમુખ મનીષ પટેલ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી મનપાના રોજમદારોની બોનસ આપવા માંગ

નવસારી : હવે દિવાળી આવી રહી છે, ત્યારે સ્વાભાવિક રીતે વધતી મોંઘવારીમાં દિવાળી ઉજવવી આર્થિક રીતે મોંઘી પડે એમ છે, ત્યારે નવસારી મહાનગર પાલિકાના રોજમદારોએ બોનસ આપવા માટે મનપાના કમિશનરને લેખિત માંગણી કરી છે. સ્વાભાવિક રીતે જ હવે કાયમી કર્મચારીઓનો બોજો ઓછો કરીને મનપામાં રોજમદારો વધી રહ્યા છે. તેમને કાયમી કામદારોને મળતા મળવાપાત્ર લાભો આ રોજમદારોને મળતા નથી, છતાં કામની જવાબદારી તેમના માથે જ વધુ હોય છે, થોડા સમય પહેલાં જ રોજમદારોએ વિવિધ માંગણીઓ સાથે ઘેરાવ પણ કર્યો હતો. પરંતુ એમાં કશો શુક્કરવાર વળ્યો નથી.

સનાતન પ્રતિકોનું અપમાન કરનારા સામે પગલા ભરો

નવસારીના Dyspએ હિન્દુ સમાજનાં લોકોનાં માથા પરથી તિલક દૂર કરી ધાર્મિક લાગણી દુભાવતા વઘઈનાં હિન્દુ આગેવાનોની રજૂઆત

સાપુતારા : નવસારી જિલ્લાનાં નાયબ પોલીસ અધિક્ષક સંજય રાય અને અન્યોએ ધાર્મિક લાગણી દુભાવવા, સનાતન પ્રતિકોનો અપમાન કરવા મામલે વઘઈનાં હિન્દુ આગેવાનો દ્વારા વઘઈ પોલીસ સ્ટેશનનાં પી.આઈને સંબોધતુ આવેદન પત્ર પાઠવવામાં આવેલું છે. જેમાં જણાવ્યા અનુસાર,તા. 23 સપ્ટેમ્બરે નવરાત્રિ ગરબા મહોત્સવ દરમ્યાન સાંઇ ગરબા ગ્રાઉન્ડનાં બહાર Dysp સંજય રાયએ બળજબરીથી હિન્દુ સમાજનાં લોકોનાં માથા પરથી તિલક દૂર કરી ધાર્મિક લાગણીનું અપમાન કર્યુ હતુ. આ ગરબા મેદાનની બહાર હિન્દુ સમાજના લોકોને ધમકાવ્યા હતા, સાથે જ ભગવા ધ્વજ વિશે અપશબ્દો બોલી સનાતન સંસ્કૃતિ વિષે અપમાનજનક ગાળો આપી હતી. જે સમગ્ર સમાજની ધાર્મિક લાગણીઓ દુભાવે છે. ત્યારે ભારતીય દંડ સંહિતા કલમ 295A અને કલમ 298-ધાર્મિક લાગણી દુભાવવાના ઇરાદે બોલેલા શબ્દો, કલમ 153A- ધર્મના આધાર પર વિવાદ કે દુશ્મની ફેલાવવી, કલમ 504- જાણીને અપમાન કરવું જેથી શાંતિ ભંગ થાય, કલમ 506-ગુનાહિત ધમકી આપવા બદલ dysp સંજય રાય તથા અન્યો સામે યોગ્ય કલમો હેઠળ FIR નોંધી, કાર્યવાહીની માંગ કરી છે.

વાપીમાં ચોરી કરનાર આરોપીને 4 વર્ષની કેદની સજા, રૂપિયા 1000નો દંડ

વાપી : વાપી ટાઉનમાં આવેલી 3 દુકાનમાંથી રૂપિયા 2.70 લાખની ચોરી કરનાર આરોપીને વાપી કોર્ટના બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ આઈ.આઈ.પઠાણે સરકારી વકીલ એચ.ટી.પટેલની દલીલોને ગ્રાહ્ય રાખી 4 વર્ષની સાદી કેદ અને રૂપિયા 1000નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ ગત 09-10-24થી 10-10-24 દરમિયાન સંજય ઉર્ફે સંજેશ દોલતસિંહ પોનીયા ડિંડોર (હાલ રહે. ઉદવાડા ઓવરબ્રિજ નીચે, મૂળ રહે. બાંસવાડા-રાજસ્થાન) વાપી ટાઉનના મેઈન બજાર ખાતે આવેલી ઈબ્રાહીમ માર્કેટમાં 3 દુકાનમાંથી 2,70,000ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેની ધરપકડ બાદ અંતિમ સુનાવણી હાથ ધરાતા વાપી કોર્ટે આરોપીને 4 વર્ષની કેદનો હુકમ કર્યો હતો.

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

FEDERAL BANK — YOUR PERFECT BANKING PARTNER

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંગરોળ, જીલ્લો - સુરત, તા. ૦૩.૦૪.૨૦૨૪ ના રોજ ઓર્ડર નં. CRMA ૪૮૨/૨૦૨૩ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૦૧/૦૭/૨૦૨૨** ના રોજ ઉધારકર્તાઓ **(૧). શ્રી અજીત ચંદ્રદેવ સિંઘ S/o ચંદ્રદેવ સિંઘ, પ્રોપાઇટર અજીત સિંઘ એન્ડ કંપની, રહેણાંક :** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **અજીત સિંઘ અને કંપની, પ્રોપાઇટરશીપ ફર્મના શ્રી અજીત ચંદ્રદેવ સિંઘ, ઓફિસ :** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **(૨). શ્રીમતી દુર્ગેશ નંદની W/o અજીત ચંદ્રદેવ સિંઘ,** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **(૩). શ્રી ચંદ્રદેવ ગોરેલાલ સિંઘ S/o ગોરેલાલ જયલાલ સિંઘ, રહેણાંક :** ૬૦૫/૬૦૬, આંબાવાડી, તરસાડી, માંગરોળ, સુરત, ગુજરાત - ૩૯૪૧૨૦ નોટીસમાં દર્શાવેલ રકમ રૂા. ૭૬,૫૯,૧૨૭.૧૪ (રૂા. છોત્તેર લાખ ઓગણસાઈઠ હજાર એકસો સત્યાવીસ અને ચૌદ પૈસા પુરા), વાર્ષિક ૧૭.૯૦% વ્યાજ સાથે તા. ૦૧.૦૭.૨૦૨૨ થી માસિક બાકી રકમ વત્તા તમારા સંયુક્ત રીતે અને અલગ અલગ ખર્ચ, બેંકની વડોદરા / મકરપુરા શાખા સાથે, ઉપરોકત નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા પડશે.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૦૨.૧૦.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઇ લીધેલ છે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો).

ઉધારકર્તાઓને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમીટેડ** ની રકમ **રૂા. ૭૫,૩૨,૮૮૯/- (રૂા. પંચોતેર લાખ બત્રીસ હજાર આઠસો નેવ્યાસી પુરા)** તા. ૦૨.૧૦.૨૦૨૫ ના રોજ તમારા લોન એકાઉન્ટ નં. ૧૮૦૬૫૫૦૦૦૦૦૧૭૨ હેઠળ તમારા તરફથી બાકી રકમ વત્તા અન્ય ચાર્જીસ, કોસ્ટ અને વ્યાજ સાથે બોજાને આધિન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨, કુલ ક્ષેત્રફળ ૪૫૫.૨૫ સ્કે.મી. બાંધકામ સાથે, નિલકંઠ સોસાયટી થી જાણીતી સ્કીમ, જમીનનો આર.એસ. નં. ૪૨૩, મોજે - તરસાડી, તાલુકો - માંગરોળ, જીલ્લો - સુરત, ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** જાહેર રોડ, **પશ્ચિમે :** આર.એસ. નં. ૪૨૩ ના અન્ય પ્લોટ, આર.એસ. નં. ૪૨૩ ની માર્જીન જમીન છોડીને, **ઉત્તરે :** જાહેર રોડની જમીન, **દક્ષિણે :** આર.એસ. નં. ૪૨૮ ની જમીન, આર.એસ. નં. ૪૨૩ ની ખુલ્લી જમીન છોડીને.

તારીખ : ૦૨.૧૦.૨૦૨૫ — **અધિકૃત અધિકારી,**
સ્થળ : માંગરોળ — **ફેડકલ બેંક લિમીટેડ**

જોઇએ છે

શ્રી ભારતીય વિદ્યા મંડળ, રામ કબીર શૈક્ષણિક સંકુલ, કામરેજ ચાર રસ્તા, જિ સુરત સંચાલિત શ્રી જે. એસ. ભક્ત અને શ્રી કે. એમ. ભક્ત આર્ટસ, શ્રી એ. અન. શાહ સાયન્સ અને શ્રી એન. એફ. શાહ કોમર્સ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનાં પત્રક્રમાંક કવટ / ISC-3/વર્ગ - 3 / NOC / 20597-98 તાઃ 23/09/2025 નાં પત્રથી નીચે મુજબની જગ્યાઓ સીધી ભરતીથી પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

ક્રમ	મંજૂર કરેલ જગ્યાનું નામ	મંજૂર કરેલ જગ્યાની સંખ્યા	અનામત કેટેગરી	વય મર્યાદા
૧	હેડક્લાર્ક	૦૧	OPEN	ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ
૨	સ્ટોરકીપર	૦૧	OPEN	

સદર જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઇએ અને કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. રાજ્ય સરકારશ્રીનાં ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં નિયમિત કરી શકાશે. અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી. વિદ્યાર્થી સંખ્યા વધઘટ અથવા કોઇ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ માં R.P.A.D. થી અરજી કરવી. અરજી સાથે L.C., ગુણપત્રકો, તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો, અનુભવના પ્રમાણપત્રો પ્રમાણિત કરી જોડવા. અધુરી વિગતવાળી અને આધાર વિનાની અરજી અમાન્ય ગણવામાં આવશે. અરજી સાથે રૂ. ૧૦૦૦/- નો નોન રીફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ 'PRINCIPAL, ARTS, SCIENCE & COMMERCE COLLEGE, KAMREJ CHAR RASTA' ના નામનો સામેલ રાખી નીચેના સરનામે અરજી મોકલી આપવી. ભરતી અંગેની વિગતવાર માહિતી વેબસાઇટ www.kholwadcollege.org ઉપર જોવી.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
ક્રમાંક માહિતી-સૂરત/૮૮૯/૨૦૨૫ — **શ્રી ભારતીય વિદ્યા મંડળ, રામકબીર શૈક્ષણિક સંકુલ, કામરેજ ચાર રસ્તા. તાઃ કામરેજ જિ.સુરત-૩૯૪૧૮૫**

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India — **પાલ શાખા :** દુકાન નં. ૧, ૨, ૩, સિલ્વર પોઇન્ટ, ગેલેક્સી સર્કલ, પાલ ગામ, સુરત-૩૯૫૦૦૯.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)
આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પાલ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૧.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા ઉધારકર્તા **શ્રી ઈશ્વરભાઈ રાજુભાઈ મારવાડી (કરજદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૬,૩૪,૧૫૩/- (રૂા. સોળ લાખ ચોત્રીસ હજાર એકસો ત્રેપણ પુરા)** (તા. ૨૧.૦૭.૨૦૨૫ના રોજ મુદ્દલ વત્તા વ્યાજ નું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૧.૦૭.૨૦૨૫ થી ચડ વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩(૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૧.૧૦.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઇ લીધેલ છે.

ઉધારકર્તા અને જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પાલ શાખા, સુરત** ના બાકી લેણા **રૂા. ૧૬,૩૪,૧૫૩/- (રૂા. સોળ લાખ ચોત્રીસ હજાર એકસો ત્રેપણ પુરા)** (તા. ૨૧.૦૭.૨૦૨૫ના રોજ મુદ્દલ વત્તા વ્યાજ નું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૧.૦૭.૨૦૨૫ થી ચડ વ્યાજ, અન્ય ચાર્જીસ ના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઇ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી ઈશ્વરભાઈ રાજુભાઈ મારવાડીની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૨૨૯, (કે.જે.પી ૭/૧૨ના રેકોર્ડ મુજબ પ્લોટ નં. ૩૧/૨૨૯) માં ગાયત્રી કૃપા રેસીડેન્સી થી જાણીતી સોસાયટી, કરડવાનો રેવન્યુ સર્વે નં. ૨૨+૨૩, બ્લોક નં. ૩૧ પૈકી સબ પ્લોટ નં. ૩ યાને કે સબ પ્લોટ નં. ૩૧/૩, ગામ-કરડવા, તાલુકા-ચોર્યાસી, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. કુલ ક્ષેત્રફળ આશરે પ્લોટ એરીયા ૪૨.૪૦ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો રોડ રસ્તા અને સીઓપી વાળી જમીનનો એરીયા ૨૧.૪૪ સ્કે.મીટર.

ચતુરસીમા : ● ઉત્તરે : પ્લોટ નં. ૨૩૦ — **● પુર્વે :** સોસાયટીનો રસ્તો
● દક્ષિણે : પ્લોટ નં. ૨૨૮ — **● પશ્ચિમે :** પ્લોટ નં. ૨૪૦

સહી/-
તારીખ : ૦૧.૧૦.૨૦૨૫ — **અધિકૃત અધિકારી,**
સ્થળ : સુરત — **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! / punjab national bank ...the name you can BANK upon !

બીઓ : એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ : યુજી એ ૧, ૧ સી, ઉધના દરવાજા નજીક, રીંગ રોડ, સુરત (ગુજરાત) ૩૯૫૦૦૨ email: bo110610@pnb.co.in

પરિશિષ્ટ -૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને આ ધારા ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૪/૦૬/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ હેઠળ **દેવાદારો /ગીરવેદાર શ્રી છગનલાલ શર્મા (દેવાદાર) અને શ્રીમતી શારદા શર્મા (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૧,૩૫,૯૩૪.૭૬/- (અંકે રૂા. અગીયાર લાખ પાત્રીસ હજાર નવસો ચોત્રીસ અને છોત્તેર પૈસા પુરા) તા.૨૩.૦૬.૨૦૨૫** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે આ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/ જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૦૧મી ઓક્ટોબર ૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

ખાસ કરીને દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૧૧,૩૫,૯૩૪.૭૬/- (અંકે રૂા. અગીયાર લાખ પાત્રીસ હજાર નવસો ચોત્રીસ અને છોત્તેર પૈસા પુરા)** અને વધારાનું વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શ્રી કિષ્ણા હેરીટેજ',બિલ્ડીંગ નં.- ડી ના ૯મા માળ નો ફ્લેટ નં. ૯૦૧,બિલ્ટ-અપ એરીયા માપ ૬૬૯.૪૧ ચો. ફુટ એટલે ૬૨.૧૯ ચો. મીટર, કાર્પેટ એરીયા માપ ૫૭.૦૮ ચો.મીટર એટલે ૬૧૪.૪૧ ચો. ફુટ પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા જે જમીન ઉપર બાંધકામ થયેલ પ્લોટ નં. ૨ માપ ૧૨૧૦૦ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૩૧ અને ૩૨, બ્લોક નં. ૧૧૧ માપ ૩૭૨૩૧.૦૦ ચો.મીટર, ટી.પી.એસ નં. ૬૯ (ગોડાદરા – ડિંડોલી), એફ.પી નં. ૯૯, ગામ. ડિંડોલી, તા. ઉધના, જી.સુરત ખાતે આવેલ છે.

તારીખ : ૦૧.૧૦.૨૦૨૫ । સ્થળ : વાપી — **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**